ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસ: ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.-Minuts 19th Dec '19 / ૭૫૨

તા. ૦૬/૦૧/'૨૦

**વિષય :** ગત **તારીખ ૧૯મી ડિસેમ્બર ૨૦૧૯નાં** રોજની એક્ઝિકયુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૯મી નવેમ્બર ૨૦૧૯**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**
**ઇ/ચા કુલસચિવ**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ.**

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના :**

૧. માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. માનનીય કુલસચિવશ્રીનાં કાર્યાલય તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. અધ્યક્ષશ્રી, તમામ શૈક્ષણિક ભવનો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૪. વડાશ્રી, તમામ વહીવટી વિભાગો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# તારીખ ૧૯મી ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ સવારે ૧૧ :૧૫ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૯મી ડિસેમ્બર ૨૦૧૯ને ગુરૂવારનાં સવારે ૧૧ : ૧૫ કલાકે કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ,આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારવામા આવ્યા અને ત્યાર બાદ, આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| **સભ્યશ્રીનું નામ અને હોદ્દો** | **હાજર / ગેરહાજર** |
|---|---|
| પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર –કચ્છ. | હાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કર **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ | હાજર |
| શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ એચ.ભીન્ડે **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| ડૉ. શ્રી ટી.જે.શેઠ **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ ... ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત **તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯**ના રોજની સભાની મિનિટ્સ નોંધ વાંચન[illegible] અંગે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> આથી સર્વાનુંમતે ઠરાવવામા આવે છે કે, તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯ના રોજની બેઠકની કાર્યવાહી– મિનિટ્સ નોંધને નીચેના સુધારા સાથે બહાલ રાખવામાં આવે છે.**

૧. સભ્યશ્રીઓની હાજરી અન્વયે,મેમ્બર સેક્રેટરી તરીકે પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કરનું નામ દર્શાવવામા આવેલુ છે હકીકતે ગત બેઠક દરમ્યાન જ, પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠક્કરને કાર્યકારી કુલસચિવ તરીકેની વધારાની ફરજો માંથી મુક્ત કરી સદર ફરજો ડૉ. શ્રી ટી.જે.શેઠ ને ફાળવવામા આવેલ હતી આમ મેમ્બર સેક્રેટરી તરીકે હોદ્દાની રૂએ તેઓનું નામ દર્શાવવાપાત્ર બને છે સદર શરત ચૂક સુધારવી.

૨. ઠરાવ ક્રમાંક : ૨ : મુજબ 'એન્ડ પ્રોક્યોર' શબ્દ રચના દર્શાવેલ છે જે એમ પ્રોક્યોરના સુધારણા સાથે વેચાણે લેવું.

૩. ઠરાવ ક્રમાંક : ૧૦ : મુજબ ડેપ્યુટી રજીસ્ટ્રાર અને ઠરાવ ક્રમાંક : ૧૧ : મુજબ હિસાબી અધિકારીની જગ્યાઓ સંબંધે ૧૧ માસના કરાર સાથે માસિક ફીક્ષ પગારથી નિમણૂંક કરી તે ફરજો માટે વ્યવસ્થા ઉભી કરવા નિયત કરવામા આવેલ હતું જે અંગે ટેકનીકલ બાબતોને મધ્યે નજર રાખતાં અનુક્રમે 'વહીવટી મદદનીશ' અને 'હિસાબી મદદનીશ' એ નામાભિધાન સાથે સુધારા કરી હવે પછીની કાર્યવાહી કરવી તથા તે અંગે યોગ્ય જાહેરાત કરવી અને આજ સુધી સદર જગ્યાઓ સંબંધે મળેલ અરજીઓ નવા નામાભિદાન સાથે માન્ય રાખવી અન્ય શરતો સંબંધિત ઠરાવો મુજબ યથાવત રહેશે.

ઉક્ત વિગત સાથે સાથે સદર અરજીઓ અન્વયે ભરતી કાર્યવાહી યોજવા સંબંધિત કામગીરી સુચારૂ રૂપે પાર પાડવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવામા આવે છે.

| | |
|---|---|
| ૧ | પ્રો.ડૉ. ડી. સી. ધોળકિયા<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. |
| ૨ | પ્રો.ડૉ. શ્રી પી. એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. |
| ૩ | ડૉ.શ્રી એસ.જી.ધર્માણી<br>આચાર્યશ્રી ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. |
| ૪ | ડૉ.શ્રી એમ.કે.પંડયા<br>આચાર્યશ્રી, ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર |
| ૫ | શ્રી પ્રવિણભાઈ વી. પિંડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ–ભુજ |

૪. ઠરાવ ક્રમાંક : ૧૨ : નીચે મુજબના સુધારા સાથે વંચાણે લેવુ.

સદર પરીક્ષામાં કો–ઓર્ડીનેટરશ્રી દ્વારા નિમવામા આવતા માનવબળને જેટલા સમય સુધી કન્વેયન્સ એલાઉન્સ મંજૂર કરવું અને તે સિવાય નોકરી સંબંધિત અન્ય કોઈ પણ લાભ તેઓને આપવા પાત્ર બનશે.

## ૨. હિસાબી વિભાગની તા.૦૯ / ૧૨/૧૯નાં રોજની રજૂઆત બાબત :

તા. ૦૯/૧૨/૧૯નાં રોજની હિસાબી શાખાની રજૂઆત મુજબ, તા.૧૬/૦૪/૧૯નાં રોજ DIRECTORTE GRNERAL OF GOODS AND SERVICETAX INTELLIGENCE – VAPI દ્વારા યુનિવર્સિટીની મુલાકાત લીધેલ. જેમા યુનિવર્સિટીને આવક પર સર્વિસ ટેક્ષ ભરવાનો થાય છે જેમાં એકાઉન્ટ વિભાગ દ્વારા એફીલીએશન ની આવકની રકમ ના ડેટા આપવામા આવેલ જે તેમના દ્વારા માંગવામાં આવેલ તેઓ દ્વારા આ ડેટાના આધારે રૂ.૭,૧૮,૩૩૬/– ભરવાના થાય છે જે અન્ય યુનિવર્સિટી દ્વારા જણાવવામા આવેલ છે એ પ્રમાણે ભરવામા આવેલ છે જે અંગે કાર્યવાહી કરી તાત્કાલિક ભરવાના રહે છે ઉપરાંત પેનલ્ટીના રૂ.૭,૦૦,૦૦૦/– થાય છે તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, DIRECTORTE GRNERAL OF GOODS AND SERVICETAX INTELLIGENCE–VAPI દ્વારા દર્શાવવામા આવેલ ગાઈડ લાઈન મુજબ ભરવાપાત્ર રકમ નિયત સમય મર્યાદામા ભરપાઈ કરવી.**

## ૩. પરીક્ષા વિભાગની તા. ૦૬ / ૦૮ /૧૯નાં રોજની નોંધ પરના આદેશ અન્વયે હાથ ધરાયેલ કાર્યવાહી બાબત :

ગત તા. ૦૬/૦૮/૧૯નાં રોજની પરીક્ષા વિભાગની નોંધ પર તા.૧૭/૦૯/૧૯ના માનનીય કાર્યકારી કુલપતિશ્રીએ આપેલ આદેશ મુજબ,પરીક્ષા કાર્ય સંબધિત મહત્વના છાપકામ માટે સૂર્યા ઓફસેટ, અમદાવાદને અત્રેના પત્ર ક્રમાંક ક.યુ./પ.વિ/વ.ઓ./રીન્યુ/૨૦૧૯/૬૨૯ તા. ૨૪/૦૯/૧૯ થી સૂચિત કરવામા આવેલ હતુ કે તા. ૧/૧૦/૧૯થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીની મુદત માટે જુની શરતોએ જ કરારની મુદત લંબાવવામા આવલે છે સદર કાર્યવાહીને બહાલ રાખવા તથા સદર મુદત દરમ્યાન ફરીથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા સંબંધિત મહત્વના છાપકામ સંબંધે સૂર્યા ઓફસેટ,અમદાવાદનાં ટેન્ટરની મુદ્દત લંબાવવા સંબંધિત હાથ ધરાયેલ કાર્યવાહી બહાલ રાખવામા આવે છે માટે માર્ચ–એપ્રિલ'૨૦૨૦ની પરીક્ષા ઈવેન્ટ પૂર્ણ થાય ત્યા સુધી કામગીરી ફાળવવી અને આ મુદ્દત પૂર્ણ થાય તે સમય દરમ્યાન નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

ભુજ-કચ્છ ૩૭૦૦૦૧

**૪. બાંધકામ વિભાગની તા.૧૧ / ૧૨/૧૯નાં રોજની રજૂઆત બાબત :**

બાંધકામ શાખાની તા.૧૯/૧૧/૧૯નાં રોજની રજૂઆત મુજબનાં બાકી રહેલ બાબતો સંબધે ચર્ચા વિચારણા હાથ ધરવા તા.૧૧/૧૨/૧૯નાં રોજથી ફેર રજૂઆત કરવામા આવેલ છે તે અંગે મુદ્દાવાર ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

૧. તા. ૭/૯/૧૯ના રોજ યોજાયેલ ખરીદ સમિતિ, તા.૨૦/૯/૧૯ના રોજ યોજાયેલ ખરીદ સમિતિ અને નાણા સમિતિ અને તા.૨૩/૯/૧૯નાં રોજ યોજાયેલ ખરીદ સમિતિ અને નાણા સમિતિની બેઠકની મિનિટ્સને બહાલ કરવા અંગે.

**<u>ઠરાવ : ૪.૧ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,ઉક્ત દર્શિત તારીખોએ મળેલ ખરીદ સમિતિ તથા નાણા સમિતિની કાર્યવાહી–મિનિટ્સ નોંધને બહાલ રાખવામાં આવે છે.**

૨. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કળેલ ગ્રાન્ટ અંતર્ગત થયેલ કામોની સમય મર્યાદા તથા એકસેસ/સેવિંગ/એકસ્ટ્રાની મંજૂરી અંગે.

**<u>ઠરાવ : ૪.૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,બાંધકામ સમિતિની ભલામણ સહ ફેર રજૂઆત કરવી.**

૩. યુનિવર્સિટી ખાતે જમા થયેલ બિન જરૂરી વસ્તુઓનો(ભંગાર)નિકાલ કરવા અંગે.

**<u>ઠરાવ : ૪.૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, બિન જરૂરી વસ્તુઓનો (ભંગાર)નિકાલ માટે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવી.**

**૫. હિસાબી વિભાગની તા.૧૬ / ૧૨/૧૯નાં રોજની રજૂઆત બાબત :**

તા.૧૬/૧૨/૧૯નાં રોજની હિસાબી શાખાની રજૂઆત મુજબ,બિન શૈક્ષણિક કરાર આધારિત કર્મચારીઓના ઈ.પી.એફ.ની રકમ રૂ.૮૦,૦૦,૦૦૦/– પી.એફ ડિપાર્ટમેન્ટમા જમા થયેલ છે જે કર્મચારીના ખાતામા જમા થયેલ છે દર મહિને ચલણ બનાવવાની કામગીરી જે કન્સલટન્ટ પાસે કરવામાં આવે છે અને તેઓ દ્વારા જ ૨૦૦૬થી કર્મચારીઓના ડેટા તૈયાર કરવામા આવેલ છેઈ તો હવે આ રકમ દરેક કર્મચારીના ખાતામાં જમા કરવા માટે એને લગતી તમામ કાર્યવાહી કન્સલટન્ટ શ્રી રોહિત ગોર દ્વારા કરવામા આવે તો તેમની ફીની રકમ ૨૦૦૬થી

બધા ડાટાની પ્રોફાઈલથી કરીને ખાતામા રૂપિયા જમા કરવા સુધીની રૂા.૪,૦૦,૦૦૦/- થાય છે તે અંગ અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર કામગીરી પાર પાડવા ક્વોટેશન મંગાવવા સાથે સાથે સંબંધિત કામના જાણકારો પાસેથી મહેનતાણાની રકમ બાબતે માહિતિ પણ એકત્રિત કરવી ત્યાર બાદ ફેર રજૂઆત કરવી.**

**૬. પ્રો.ડાૅ.વી.એચ.વ્યાસની તા.૨૧ / ૧૦/ ૧૯નાં રોજની રજૂઆત બાબત :**

કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ ખાતે ફરજ બજાવતા પ્રો.ડાૅ.વી.એચ.વ્યાસની નિમણૂંક જુદી જુદી સમિતિઓ અન્વયે કો–ઓર્ડિનેટર તરીકે થયેલ હતી, જેમ કે... આઈકયૂએસી, રૂસા, સીઓસી સદર તમામ સમિતિઓમાં હવે તેઓ અનિવાર્ય સંજોગોના કારણે ફરજ ચાલુ રાખી શકે તેમ ન હોવાથી તેઓએ તા. ૨૧/૧૦/૧૯ના પત્ર સદર ફરજોથી મુકત કરવા રજૂઆત કરેલ છે માટે સદર સમિતિઓ અન્વયે કો–ઓર્ડિનેટરોની નિમણૂક કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,હાલની પરિસ્થિતિએ યથા સ્થિતિ જાળવી રાખવી તથા વહીવટી કાર્યભારને ઘ્યાને લેતાં આઈકયૂએસી સંબંધિત ફરજો ચાલુ રાખવી તથા હાલે ઉપલબ્ધ માનવબળ માથી જ રોજના બે કલાક સંબંધિત કામગીરી માટે માનવબળની ફાળવણી કરવી.**

**૭. અઘ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) નીડ કમિટિ'૨૦૨૦ –૨૧એ હાથ ધરેલ કાર્યવાહી બાબત :**

ગત તારીખ ૨૫મી નવેમ્બર ૨૦૧૯નાં રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ ક્રમાંક : ૭ : ની વિગતે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી નવા જોડાણ સાથે કોલેજ શરૂ કરવા તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજ ખાતે વધારાના અભ્યાસક્રમ–વિષય તરીકે નવું જોડાણ મેળવવા સંબંધિત અરજીઓ માટે શિક્ષણ વિભાગ,ગુજરાત રાજયના માર્ગદર્શક નિયમોના ઠરાવ ક્રમાંક : યજન–૧૦૨૦૦૧–(૨૮)– ખ.૧ તા.૨૧/૧૨/૨૦૦૧ મુજબ કાર્યવાહીનાં પ્રથમ તબક્કે નીડ કમિટિની રચના કરવામા આવેલ હતી જેની બેઠક તા. ૧૯મી ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે મળેલ હતી અને હાથ ધરાયેલ કાર્યવાહી બાદ આ સાથે સામેલ મિનિટ્સ નોંધ મુજબ થયેલ ભલામણો સંબંધે નિર્ણય તથા ત્યાં પછીની કામગીરી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૭ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નીડ કમિટિ'૨૦૨૦ –૨૧ દ્વારા કરવામા આવેલ તમામ ભલામણો ગ્રાહ્ય રાખવામા આવે છે તથા સદર ભલામણ સંદર્ભે જોડાણ કાર્યવાહી અંતર્ગત સ્થાનિક તપાસ સમિતિની રચના કરવા આથી માનનીય કાર્યકારી કુલપતિશ્રીને સત્તા સોંપવામા આવે છે.**

**(૨) ગત ત્રણ વર્ષોથી જુદી–જુદી ફી કેમ્પસ પરના વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવાનું બંધ કરવામા આવેલ છે તેવી ફી વિદ્યાર્થીઓ પાસેથી વસુલ કરવા બાબત :**

અંદાજીત છેલ્લા ત્રણ વર્ષોથી જુદા–જુદા પ્રકારની ફી કેમ્પસ પરના વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવામા આવતી નથી જે ફરીથી વસૂલ કરવા માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૮ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગત વર્ષોથી જુદા–જુદા પ્રકારની જે પણ ફી કેમ્પસ પરના વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવામાં આવતી નથી તે તમામ ફી, જે તે સમયે નિયત કરાયેલ દર મુજબ વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવાપાત્ર રહેશે.**

**(૩) અધ્યક્ષશ્રી, રસાયણશાસ્ત્રની તા. ૧૭/૧૨/૧૯ની રજૂઆત મુજબ Research Budget Fund ની જોગવાઈ કરવા બાબત :**

સંશોધન કાર્ય માટે સ્ટોરમા ઉપલબ્ધ ન હોય તેવા રસાયણો તથા સાધન સામગ્રીની નિયમ અનુસારની ખરીદી માટે દરેક અધ્યાપક માટે વાર્ષિક ધોરણે માર્ગદર્શક દીઠ નિયત કરાયેલ રકમનું ભંડોળ **Research Budget Fund** તરીકે દરેક યુનિવર્સિટી ખાતે ઉભુ કરવામા આવે છે તે મુજબ આપણી યુનિવર્સિટી ખાતે પણ જોગવાઈ કરવામા આવે તેવી અધ્યક્ષશ્રી,રસાયણશાસ્ત્રની રજુઆત અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૯ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, Research Budget Fund તરીકે ભંડોળ ઉભુ કરવા માટે રૂ.૧,૫૦,૦૦૦/– ની રકમ નિયત કરવામા આવે છે સદર રકમ સંબંધિત વિભાગની સ્વનિર્ભરતાના ધોરણે થતી આવક માંથી આકારવાની રહેશે અને ખરીદી સંબંધે નિયત પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.**

**(૪) અધ્યક્ષશ્રી, આર્કિયોલોજી ની તા. ૧૭/૧૨/૧૯ની રજૂઆત મુજબ પુરાતત્વ સંશોધન સાઈટ પર કરવામા આવનાર કામગરી સંબંધે નિભાવ ખર્ચ બહાલ કરવા બાબત :**

કેમ્પસ પરના આર્કિયોલોજી વિભાગના વિભાગ્યાધ્યક્ષશ્રીની રજૂઆત મુજબ અભ્યસક્રમના ભાગ રૂપે સંશોધન કાર્ય માટે **Archaeological Survey of India** દ્વારા અમારી રજૂઆતને પગલે કચ્છ જિલ્લાના ગામ ગજોડ ખાતે પુરાતત્વ સંશોધન માટે મંજૂરી મળેલ છે સદર સંશોધનની કામગીરી પૂર્ણ કરવા માટે નિભાવ ખર્ચ માટે અંદાજે રૂ.૫,૦૦,૦૦૦/–નો ખર્ચ

થનાર છે જે સરકારશ્રી દ્વારા સદર વિભાગને ફાળવવામા આવેલ ગ્રાન્ટ પૈકીની સિલક રૂા.૧,૪૭,૦૦,૦૦૦/– માંથી ખર્ચ કરવા બહાલી આપવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૦ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,આર્કિયોલોજી વિભાગને સરકારશ્રી દ્વારા ફાળવવામા આવેલ ગ્રાન્ટ પૈકીની સિલક માંથી રૂા.૫,૦૦,૦૦૦/– પુરાત્વ સંશોધન કામગીરીના નિભાવ ખર્ચ પેટે ફાળવવા તથા Archaeological Survey of India નાં તા. ૧૫/૧૧/૧૯ના પત્ર મુજબની તમામ શરતોનું પરિપાલન કરવાનું રહેશે.**

**સદર કામગીરી પૂર્ણ થયે સત્વરે ખર્ચ સંબધિત વિગત વાર અહેવાલ આધાર – પૂરાવાઓ સાથે રજૂ કરવાનો રહેશે.**

**(૫) વર્ષ ૨૦૨૦–૨૧ માટેના સ્થાઈ ખર્ચ આવક સહિત અંદાજપત્રક અંગે કરાયેલ દરખાસ્ત કાર્યવાહી બહાલ કરવા બાબત :**

હિસાબી વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦–૨૧ માટેના સ્થાઈ ખર્ચ આવક સહિત નોન પ્લાન અંદાજપત્રક તૈયાર કરવામા આવેલ, જે અત્રેનાં પત્ર ક્રમાંક રેફ નં.કયુ/બજેટ/હસબ/ ૨૦૧૯/ ૭૨૦/ તા.૧૬/૧૦/૧૯ મારફતે સંયુકત શિક્ષણ નિયામકશ્રીને રૂા.૧૬ કરોડના અંદરજપત્ર દરખાસ્ત રજૂ કરવામા આવેલ છે જે બહાલ રાખવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૧ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૦–૨૧ માટે ૧૬ કરોડના અંદરજપત્ર દરખાસ્ત કામગીરી આથી બહાલ રાખવામા આવે છે.**

**(૬) સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો સંબંધે જાહેર થયેલ પરીક્ષા પરિણામની માર્કશીટમાં જરૂરિયાત મુજબનાં ફેરફાર કરી ફેરફાર સહિતની માર્કશીટ વિદ્યાર્થીઓને પૂરી પાડવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો સંબંધે જાહેર થયેલ પરિક્ષા પરિણામ અન્વયે તૈયાર કરવામાં આવેલ માર્કશીટમાં માત્ર મેળવેલ ગ્રેડ જ દર્શાવાયેલ છે તેનાં ગુણ અને ટકાવારી દર્શાવવામાં આવેલ ન હોતાં, આવી માર્કશીટ ધરાવતા વિદ્યાર્થીઓને સરકારી ભરતીઓ માટે ગ્રેડીગ પધ્ધતિનાં કારણે ગુણ કે ગુંણાંકન સ્પષ્ટ ન થતાં પ્રશ્નો ઉપસ્થિત થતાં હોઈ, તેઓ દ્વારા ગુણ અને ટકાવારી સાથે ફેરફાર કરી આપવા રોજ બ રોજ અરજીઓ અત્રે મળે છેઉ.

અત્રે નોંધપાત્ર છે કે, આ પ્રકારે અનુસ્નાતક કક્ષાએ માર્કશીટ સુધારણા કરવા ગત તારીખ ૨જી જાન્યુ.૨૦૧૯નાં રોજની એકિઝકયૂટીવ કાઉન્સિલની બેઠકના ઠરાવ ક્રમાંક : ૨૪: મુજબ બહાલી મળેલ છે તો તે મુજબ ફેરફાર કરી સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને પણ ગ્રેડ માંથી ગુણ

તથા ટકાવારી સહિતની માર્કશીટ આપવા બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની માંગણી મુજબ જરૂરિયાતને અનુલક્ષીને, ગ્રેડ માંથી ગુણ અને ટકાવારીનાં રૂપાંતર સાથેની માર્કશીટ નીતિ નિયમોનાં પરિપાલન સાથે આપવી.જુની માર્કશીટ જમા લઈને નવી માર્કશીટ આપવી**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

---

કુલસચિવ

**ઇ/ચા કુલસચિવ**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી**
**ભુજ-કચ્છ.**